
# ભાવિ પેઢીના ઘડતર માટે પ્રેરણામૂર્તિ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ




## નાયબ વડાપ્રધાન પણ હતા તેમ છતાં દેહાવસાન થયું ત્યારે તેમના ખાતામાં ૨૧૬ રૂપીયા જમા હતા; જીવ્યા ત્યાં સુધી મણિબેને કાંતેલા સૂતરમાંથી વણાયેલી ખાદીનાં કપડાં પહેરતા

**પુસ્તક પરિચય**
**નટવર હેડાઉ**

યુવાનોના પ્રેરણામૂર્તિ સરદાર વલ્લભભાઈ પટેલ મુઠ્ઠી ઉંચેરા માનવી હતા. દૃઢ મનોબળવાળા, ઉદ્યોગ પરાયણ, અન્યાય ન સાંખી લેનાર, નીડર વિદ્યાર્થી, ભલભલા ન્યાયાધીશોનું પણ પાણી ઉતારનાર કુશળ વકીલ, દેશ હિતના હિમાયતી, શિસ્ત પાળનાર સૈનિક, નાના મોટા સૌ સાથીઓની મમતાભરી કાળજી રાખનાર આગેવાન, કુશળ મુત્સદ્દી, ઉંડી દેશદાઝ અને નિસ્વાર્થ સેવાવૃત્તિ, વિરલ સંગઠનશક્તિ અને સિંહની છાતી ધરાવનાર યૌદ્ધા એવા ચરિત્રના મહાનાયકના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંની ઝાંખી કરાવતું પુસ્તક 'યુવાનોના પ્રેરણામૂર્તિ સરદાર વલ્લભભાઈ પટેલ' વિશે વાત કરવી છે.

એક ભારત... શ્રેષ્ઠ ભારતના પ્રબળ સંકલ્પ સ્વરૂપ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી, એટલે ભારતની એકતાનું પ્રતીક.. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્થાપિત થનાર છે ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પંથમાંથી જીવન ઘડતર માટે ઉપયોગી ઉત્કૃષ્ટ વિચારોનું સંકલના-આલેખન કરી તૈયાર કરવામાં આવેલ પુસ્તકમાં ૧૨ પ્રકરણોમાં સરદારની જીવન ઝરમર, બાળપણના સંસ્મરણો, મહાપુરૂષોની નજરે, સિંહ પુરૂષ સરદાર, સરદારના કેળવણી વિષયક વિચારો, માતૃભાષા પ્રેમ, સ્વાતંત્ર્ય જંગના સૂરવીર, સરદારની વાણી સરવાણી, સરદાર પટેલ વિષયક ગીતો, જીવનકવન પ્રશ્નોત્તરી સંદર્ભે સૂચી અને ફોટો ગેલેરી દ્વારા ખુબ સમૃદ્ધ બનાવાયેલું છે. 'યુવાનોના પ્રેરણામૂર્તિ સરદાર વલ્લભભાઈ પટેલ' પુસ્તકનું સંકલન-આલેખન ક્રિષ્ણા પટેલ દ્વારા કરવામાં આવ્યું છે જે તેમણે એસ.એન.ડી.ટી. વુમન કોલેજ અમદાવાદના પૂર્વ પ્રિન્સીપાલ ડૉ. ચતુરભાઈ પટેલને અર્પણ કર્યું છે. પુસ્તકમાં સરદાર પટેલની અનેક યાદગાર મહામુલી તસ્વીરો, મુકી એક અણમોલ નજરાણાં સમાન બનાવવામાં આવ્યું છે.

દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સરદારે જે યોગદાન આપ્યું છે તેનાથી સૌ પરિચિત છે પણ આજનો યુવાન લોખંડી સિંહ પુરૂષને સમજતો થાય. કારણ આપણો સ્વાતંત્ર્ય લડતમાં આટલાં વરસ ભોગ આપ્યો છે છતાં એમના કુટુંબનો એક પણ સભ્ય રાજકારણમાં નથી કે વિશેષ સ્થાન માંગી રહ્યો નથી. સરદાર પટેલ વરસો સુધી કોંગ્રેસના કોષાધ્યક્ષ હતા. નાયબ વડાપ્રધાન પણ હતા તેમ છતાં દેહાવસાન થયું ત્યારે તેમના ખાતામાં ૨૧૬ રૂપીયા જમા હતા. જીવ્યા ત્યાં સુધી મણિબેને કાંતેલા સૂતરમાંથી વણાયેલી ખાદીનાં કપડાં પહેરતા. માત્ર ત્રણ જોડ કપડાં રાખતા. તે પક્ષ માટેનો પત્રવ્યવહાર કે ફોનનો ખર્ચ સરકારી ખાતામાંથી નહીં પોતાના અંગત ખાતામાંથી કરતા હતા. કેમકે ગાંધીની માળા પહેર્યા પછી તેમણે બધું જ સ્વેચ્છાએ છોડી ગરીબી સ્વીકારેલી. તે ગાંધીજીના અગીયાર મહાવ્રતોનું પાલન કરતા હતા. ગાંધી ચીંધ્યા માર્ગે ચાલનાર સરદાર એવી વિભૂતિ હતા જેના એક બોલ પર લોકો કુરબાન થવા તૈયાર થઈ જતાં. સરદાર ન તો મુસ્લીમ વિરોધી હતા કે ન તો હિન્દુ તરફી હતા. સરદાર પોતે માનવતાવાદી હતા. માનવધર્મમાં તેમને આસ્થા હતી. સરદારશ્રીની સિદ્ધિઓ પાછળ કઠણ સાધનાનો ખ્યાલ આવે છે.

સરદારના જીવનના એક એક પ્રસંગોમાં તેમના પૌરૂષભર્યા, સ્વમાન જગાડતા, આત્મશ્રદ્ધા, દૃઢાવતા અને નિર્ભયતા પ્રેરતા અવાજના ભણકારા જગાડતી આખી કથા આદિથી અંત સુધી રસપૂર્વક વાંચવી ગમે તેવી છે.

સરદાર પટેલની સ્મૃતિને જાળવવા નર્મદા નદી ઉપર બંધાયેલ 'સરદાર સરોવર' ડેમના સાંનિધ્યમાં નર્મદા તટે સરદાર પટેલનું વિશ્વમાં ૧૮૨ મીટર ઉંચાઈનું સૌથી વિરાટ સ્મારક સ્થપાયું છે જેનું લોકાર્પણ થનાર છે ત્યારે આ સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદારના અજોડ પ્રતિભા સંપન્ન વિરાટ વ્યક્તિત્વ, દેશાભિમાનના બુલંદ મિજાજ અને આદર્શ જીવનની સદીઓ સુધી વિશ્વને પ્રેરણા આપશે અને એક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાથી ઈતિહાસ સર્જનાર આ મહાપુરૂષ ભાવિ પેઢીના ઘડતર માટે પ્રેરણામૂર્તિ બની રહેશે જે ભારતની એકતા અને અખંડિતતા, સંસ્કૃતિ સંવર્ધન, શાંતિ, સદભાવ અને એકતાથી વિકસતા ગુજરાતના વિરાટ સામર્થ્યની અનુભૂતિ કરાવશે. ત્યારે સરદારના જીવનકવન વિષેનું આ પ્રકાશન વાચકને સરદારના વિરાટ વ્યક્તિત્વની ઝાંખી કરાવવામાં ઉપયોગી સાબિત થશે તેવી શુભ ભાવના સાથે લેખિકાને શુભેચ્છા પાઠવું છે અને પુસ્તકને આવકારૂ છું.

યુવાનોના પ્રેરણામૂર્તિ સરદાર વલ્લભભાઈ પટેલ
લેખક-સંકલન-સંપાદન : ક્રિષ્ણા પટેલ
પ્રકાશક-અવનિકા પ્રકાશન, ૪૧૯/એ સર્વોદય કોમર્શિયલ સેન્ટર, ચોથે માળ, જી.પી.ઓ. પાસે, અમદાવાદ
આવૃત્તિ-૨૦૧૪, કિંમત રૂ. ૧૩૦

# એસએસઆઈટી દ્વારા એકતા માટે શપથગ્રહણ



ગાંધીનગર, તા. ૧

આધુનિક ભારતના સ્વપ્રદૃષ્ટા લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તો 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અનો રાષ્ટ્રીય એકતા દિનની શ્રી સ્વામીનારણ પોલીટેકનીક ખાતે સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિવિધતામાં એકતાની ભાવનાથી રાષ્ટ્રની એકતા, અખંડિતતા અનો દેશની આંતરિક સુરક્ષા નિશ્ચિત કરવા માટેનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. ભારતના મહાન નેતા અને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર પર આધારિત દસ્તાવેજી ફિલ્મ વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવી હતી. સંસ્થાના ડિરેક્ટર દ્વારા સરદાર પટેલના જીવનઆદર્શો અનુસરવા વિદ્યાર્થીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગની ઉજવણી નિમિત્તો ક્વિઝ કૉમ્પિટિશન અને ગેમ ઑફ યુનિટીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું તથા અખંડ રાષ્ટ્રના નિર્માતા સરદાર પટેલનો ભાવસભર શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી.

# રેડિયન્ટ સ્કૂલ દ્વારા સરદાર જયંતિ ઉજવાઈ







ગાંધીનગર, તા. ૧

પાટનગરના ખ-૦ સર્કલ નજીક સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ૩૧ ઓક્ટોબરના રોજ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી અને એકતાનાપ્રતીક સમાન સ્ટેચ્યુ ઑફ યુનિટીના લોકાર્પણના ભાગરૂપે દેશની એકતા, અખંડિતતાને કાયમ જાળવી રાખવાના સંકલ્પરૂપે એકતા શપથ તથા એકતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળા મેનેજમેન્ટ, સ્ટાફ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દરેકે સાથે મળીને ટીપી નં. ૯, સરગાસણ વિસ્તારમાં ભવ્ય રેલી કાઢી બૅનર, સૂત્રોચ્ચાર દ્વારા સરદારના શ્રેષ્ઠ વિચારોને મહત્તમ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને આ ઉમદા કાર્યમાં હાજર રહી પોતાનું યોગદાન આપવા બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.







લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે ગાંધીનગર મહાત્મા મંદિરથી ઘ-૪ સ્વર્ણિ પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમા સુધી રન ફૉર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા કલૅક્ટર એસ કે લાંગાએ ઉપસ્થિત રહી દોડવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

## જન્મદિને વધામણી



**ઉષાબેન એમ ચૌહાણ**
કન્વીનર
માતૃભૂમિ યુવા શક્તિ કેન્દ્ર



**જુહી થાનકી**



**યોગિતાબેન દિનેશભાઈ પરમાર**
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૧૬ ખાતે સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે શપથગ્રહણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ કોકિલાબેન કટારા, નિયામક નટુભાઈ લાડાણી, સ્ટાફમિત્રો અને ધોરણ-૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ ઉપસ્થિતત રહી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટેના શપથ ગ્રહણ કર્યા હતા તથા સરદાર પટેલની પ્રતિમાને વંદન પણ કર્યા હતા.

# સાદરા - ગૂજરાત વિદ્યાપીઠમાં ફૂડ ટેસ્ટિંગ કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર,તા. ૧

ગૂજરાત વિદ્યાપીઠ વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન સાદરા ફૂડ પ્રોસેસિંગ વિભાગ દ્વારા ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદમાં ફૂડ ટેસ્ટિંગ માટેની કાર્યશાળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. ડૉલીબેન જાની દ્વારા ફૂડ અને ફૂડ સેફ્ટી વિષયે વિગતવાર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ૬૦ વિદ્યાર્થીઓના ૧૫-૧૫ના જૂથમાં ફૂડ પ્રયોગશાળા ટેસ્ટિંગનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. સીઈઆરસીના સીઈઓ અને ફૂડ ટેસ્ટિંગના વિભાગીય અધ્યક્ષના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળઆના આયોજનને સફળ બનાવવામાં ડીન ડૉ. નિખિલ ભટ્ટ અને કાર્યશાળાના સંચાલન માટે ડૉ. જયશ્રી મહેતા, ઉષાબેન પટેલ, ડૉ. પીનલબેન વ્યાસ અને નીતાબેન પટેલ દ્વારા સક્રિય સહયોગ પૂરો પાડાવામાં આવ્યો હતો.

# યુનિક-યુ સ્કૂલ દ્વારા 'સામાજિક ગૃહકાર્ય' પ્રયોગ

ગાંધીનગર,તા. ૧

ઈડર ખાતે કાર્યરત યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રાથમિક કક્ષાએથી જ વિદ્યાર્થીમાં સામાજિક સમજ વિકસે અને ભારતીય સમૃદ્ધ પરંપરાઓની ટેવ વિકસે તે માટે વાલીગણ સાથે મળીને ઘણા પ્રયોગો થઈ રહ્યા છે.

તાજેતરમાં દિવાળી વૅકેશન માટે 'સામાજિક ગૃહકાર્ય'ના પ્રયોગોની ચર્ચા વાલીગણ સાથે કરવામાં આવી હતી. સામાજિક ગૃહકાર્યમાં વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય સંબંધી સારી આદતો વિકસાવે અને આવકાર આપતાં શીખે તેવા નાના પ્રયોગો બાળકોને આપવામાં આવ્યા છે. આ સાથે પર્યાવરણ સંબંધી સારી આદતો વિકસે માર્ગ સલામતી માટે હેલ્મેટ અને સીટ બેલ્ટના ઉપયોગનો સંદેશો વિદ્યાર્થીઓ ૧૦ વ્યક્તિઓ સુધી પહોંચાડે, પોતે ટીવી, વિડીયોગેમ, મોબાઈલ વગેરેનો શક્ય તેટલો ઓછો ઉપયોગ કરે તે માટે પણ સમજ વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ગત વર્ષનાં સામાજિક ગૃહકાર્યનાં સારાં પરિણામોથી વાલીગણ વાકેફ હતા. આથી આ વર્ષે પોતાનાં બાળકો સાથે સામાજિક ગૃહકાર્યના પ્રયોગો આગળ વધારવાની પ્રતિબદ્ધતા વાલીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૧૯મો મણકો ॥

આટલો માર ખાધા પછી એક બીજી વાત પણ તેમણે નોંધી. પોતે સીગરામમાં માર ખાઈ રહ્યા હતા ત્યારે સાથેના ગોરા મુસાફરોએ કંડક્ટરને ટોક્યો પણ હતો કે શું કામ તું આને મારે છે ? મતલબ ? બધા ગોરાઓ એક સરખા નથી હોતા. આમ, તેમણે જનરલાઈઝેશન ન કર્યું. આ જનરલાઈઝેશન (સામાન્યીકરણ) સમાજની ઘણી હિંસાઓ પાછળ કામ કરતું હોય છે. અમુક કોમ આવી ને અમુક કોમ તેવી એવું આજના લોકો કરે છે, તેવું ગાંધીજીએ ન કર્યું. તેણે સાર કાઢ્યો કે, બધા ગોરાઓ સરખા નથી હોતા. એટલે દરેક ગોરાને તેના વ્યક્તિગત મેરીટ પર તપાસવા જોઈએ.

પીટરમારીસબર્ગના સ્ટેશનથી શરૂ થયેલી ત્રણ દિવસની જે યાત્રા હતી ત્યાંથી ગાંધીજી દ્વિજ થયા, એમને નવો જન્મ મળ્યો. એક મેટેમોર્ફસીસ, જાણે આખો પલ્ટો થયો. સત્યની શોધમાં નીકળેલા એક માણસને પછી અહિંસા જડી, જે તેને બહુ પહેલાથી જડી હતી, પોતાના ઘરમાંથી જ જડી હતી. એ સમજવા તેમના નાનપણનો એક પ્રસંગ જોઈએ.



એમની માતા એમને કહેતાં, 'મોનીયા, તું બીજા છોકરાઓ સાથે રમે છે ત્યારે બીજા છોકરાઓ તને ધોલધપાટ કરે છે. તો તું એમને કેમ મારતો નથી ?' ત્યારે ગાંધીજી શું જવાબ આપે છે ? એ છોકરાઓ મારાથી મોટા છે કે એ બે-ચાર છે ને હું એકલો છું એથી એમને મારી શકું એમ નથી એવો જવાબ નહીં, પણ જવાબ ? 'હું એના જેવો શું કામ થાઉં ?' એણે મને માર્યો એ તો બરાબર નથી જ, પણ હુંય એને મારું તો એનાથી એ સાબિત થાય કે જે વસ્તુ બરાબર નથી તે મેંય કરી.




હિંસાનો જવાબ હિંસાથી આપનારા લોકો સામેવાળાની હિંસાને પ્રતિષ્ઠા આપતા હોય છે. એણે હિંસા કરી એટલે હું એનાથી વધારે હિંસા કરું એમ હિંસા વધુ ને વધુ ચાલતી જાય છે. પણ ગાંધીજીએ એમ ન કર્યું, તેમણે કહ્યું, 'હું એના જેવો શું કામ થાઉં ?'

એક બીજો પ્રસંગ બહુ જાણીતો છે. ભાઈના દેવાની રકમ ચૂકવવા માટે સોનાનું કડું કપાવે છે ને પછી ના રહેવાતાં માને આ વાત કહે છે. મા કહે છે, કે આ તો બહુ ગંભીર વાત કહેવાય, પિતાજીને કહેવી પડશે. ત્યારે બોલીને કહેવાની હિંમત તો હતી નહીં. તેથી લખીને જાણ કરી. એક પત્ર લખ્યો, જેમાં બધી વાત લખી અને એમ પણ લખ્યું કે 'મારાથી ભૂલ થઈ છે, ફરી નહીં કરું. તમે જે સજા આપો તે કબૂલ છે, પણ તમને વિનંતી છે કે તમે પોતાના ઉપર કંઈ ભોગવશો નહીં.' પિતાજીને ચિઠ્ઠી આપીને પછી ભાગ્યા નહીં, ખૂણામાં ઊભા રહ્યા.

આ ઘટનાનું ગાંધીજીએ આત્મકથામાં જે વર્ણન કર્યું છે અને જે શબ્દો લખ્યા છે તે ગુજરાતી સાહિત્યનો ઉત્તમ નમૂનો છે. તેમણે લખ્યું છે, 'એમની આંખમાંથી મોતીનાં બિંદુઓ ખર્યાં.'

પિતાજી એક પણ શબ્દ ઉચ્ચારતા નથી. મુશ્કેલીથી બીજાની મદદથી બેઠા થઈને ચિઠ્ઠી વાંચી છે. થોડીવાર આંખ બંધ કરી, પછી આંખમાંથી બિંદુ પડ્યા, અમૃત બિંદુ એવા શબ્દ એમણે વાપર્યા. ચિઠ્ઠી વાંચી પછી ફાડીને મૂકી દે છે અને પછી પાછા સૂઈ જાય છે. મુખર મૌન જે કહે છે તે આ હતું, એવું મૌન જે ઘણું કહી જાય છે.

પોતે દુખી થયા. પ્રેમીજનનું દુખ એ શબ્દ વિના પણ બીજા પ્રેમીજનના હૃદયને સ્પર્શ કર્યા વિના રહેતું નથી. સ્વેચ્છાએ સહન કરેલું કષ્ટ કોમ્યુનિકેટ થાય છે, બીજા આગળ પહોંચે છે એ અહિંસાનું બીજું તત્ત્વ. એમાંથી હું જો કષ્ટ સહન કરીશ તો સામા પક્ષ પાસે મારું કષ્ટ વાણી રૂપે, સંદેશ રૂપે પહોંચશે જ એવી શ્રદ્ધા જાગી. આ સ્વેચ્છાએ સહન કરેલું કષ્ટ એ અહિંસાનું એક તત્ત્વ છે અને એ તત્ત્વ પાછળ કરમચંદ ગાંધી હતા.

ગાંધીજીએ પોતે જ કહ્યું છે કે, અહિંસાના મારા પ્રાથમિક શિક્ષકોમાં તો મારી પત્ની, મારી માતા અને મારા પિતા હતા.

માતા સાથેનો સંવાદ : હું એના જેવો શું કામ થાઉં ?

પિતાજીએ જાતે કષ્ટ સહન કર્યું ને એમને કંઈ જ ન કહ્યું.

અને પત્ની ? તેર વર્ષનો છોકરો સાડાતેર વર્ષની છોકરીને પરણેલો. પછી ? ધણીપણું. (ક્રમશઃ)




સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ